# પાલનપુર નજીક રોડ પરથી પસાર થતાં બાઈકચાલકને છ શખ્સોએ લુંટી લેતા ચકચાર

## ગ્રામ્ય વિસ્તારમાં એકલ દોકલ જનારા બને છે શિકાર

પાલનપુર, તા.૧૬

પાલનપુર સહીત આજુબાજુના વિસ્તારોમાં છેલ્લા ઘણાં સમયથી અસામાજિક બદીઓએ માઝા મુકી છે ત્યારે પાલનપુર પંથકમાં એક બાઈક સવારને રસ્તામાં આંતરી બે બાઈક પર સવાર છ જણાએ મોબાઈલ ફોન અને રોકડ રકમ લુંટી નાસી છુટયા હતા.

આ ઘટના અંગે પાલનપુર તાલુકા પોલીસ સૂત્રોએ જણાવલ કે પાલનપુર નજીક આવેલ ખરોડીયાથી ફતેપુર તરફ જતા રોડ પર સોમવારે ૧૧.૧૫ આસપાસ પોતાની બાઈક પર પસાર થતા માલોસણા તા.વડગામ વાળા નરેશ સરદારભાઈ પટેલને એકાએક બે બાઈક પર સવાર છ જણાએ ઓવરટેક કરી આંતરીને ઉભો રખાવી એકાએક હુમલો કરી માર માર્યો હતો. ત્યારબાદ નરેશ પટેલ જોડેનો સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન કિંમત રૂ. ૭ હજાર અને રોકડ રકમ રૂ. ૩ હજાર મળી કુલ રૂ. ૧૦ હજારની મત્તા લુંટી નાસી છુટયા હતા.

ત્યારે ઘાયલ હાલતમાં નરેશે તેના પરિવારજનોને આ અંગે જાણ કરી હતી. તેના સાથે માર મારી લુંટ ચલાવનારાઓ અંગે તપાસ કરી પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશને સોમવારે રાત્રે છ શખ્સો સામે ફરિયાદ આપતાં પોલીસે લુંટના ગુનો રાજપુત જયદીપસિંહ રહે, મગરવાડા, રાજપુત કેશરસિંહ મગરવાડા, રાજપુત જયદીપસિંહ મગરવાડા, રાજપુત કેશરસિંહ મગરવાડા, રાજપુત મહેશસિંહ મજાદર, રાજપુત સુમેરસિંહ વડગામ, રાજપુત વિપુલસિંગ નળાસર, રાજપુત ભરતસિંહ નળાસરવાળા સામે ગુનો નોંધી તપાસ પોલીસ સબ ઈન્સ. એન.પી. છાયા અને સ્ટાફના માણસો ચલાવી રહ્યા છે. આ ઘટનાથી સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.





## સાબરકાંઠા જિલ્લામાં નવરાત્રી પ્રારંભે માતાજીની પ્રતિમા અને માંડવીનું સ્થાપન કરાયું

મંગળવારથી પ્રાંરભ થયેલ નવરાત્રીએ હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં મંગળવારના રોજ સવારે શુભ મુહૂર્તમાં મા અંબા જગત જનની જગદંબાની મૂર્તિ અને માંડવીઓનું નવરાત્રીના આયોજકો દ્વારા ઢોલ નગારા અને ત્રાંસા સાથે વાજતે ગાજતે સ્થાપન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ યજમાનો દ્વારા સ્થાપિત કરેલ મૂર્તિ અને માંડવીનું પૂજન, અર્ચન કરી આરતી કરવામાં આવી હતી. હિંમતનગર શહેરના વિવિધ વિસ્તારોમાં ૨૫ થી વધુ જગ્યાએ માતાજીનું સ્થાપન કરવામાં આવ્યું હતું. જેમાં હિંમતનગરની પોલોગ્રાઉન્ડમાં અલકાપુરી, મહાકાલી મંદિર કુંડ, રાજેન્દ્રબાગ, મહાકાલી મંદિર, મહેતાપુરમાં રામજી મંદિર, ગાયત્રી મંદિર, સિદ્ધાર્થનગર, બ્રહ્માણીનગર, ઝરણેશ્વર મંદિર, બજાર વિસ્તારમાં મા મંદિર ખાડિયા, હરસિદ્ધિ માતાજી મંદિર, જ્વાલા માતાજીના મંદિર, મહાવીરનગર વિસ્તારમાં ગોકુલનગર, પંચદેવ મંદિર, મહાકાલી મંદિર, જિલ્લા પંચાત પાસે મહાકાલી મંદિર, છાપરિયા વિસ્તારમાં મહાકાલી મંદિર, સહિત વિવિધ જગ્યાએ નવરાત્રી મંડળના આયોજકોએ ખેલૈયાઓનું ઘુમવા માટે પ્રારંભની રાત્રીની તૈયારીઓ પણ પૂર્ણ કરી દીધી હતી. (તસવીર : મગન વણઝારા, હિંમતનગર)

# નવરાત્રી આરંભે વિદ્યામંદિરના ભુલકાં સાથે મહાઆરતી ઉતારી ગરબાની રમઝટ માણી



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૧૬

આજે આસો સુદ એકમથી મા જગદંબાની શક્તિ અને ભક્તિની આરાધના મહાપર્વ નવરાતનો રંગેચંગે આરંભ થયો છે. ત્યારે બાલમંદિરના ભુલકાંઓ અને શાળા કોલેજની વિદ્યાર્થીનીઓ-વિદ્યાર્થીઓ પણ ગરબે ઘુમવા સજ્જ બન્યા છે.

આજે મંગળવારે સવારે વિદ્યામંદિરના બાલમંદિરના અંગ્રેજી ગુજરાતી માધ્યમના સોપાન-૧ અને સોપાન-૨ના ભુલકાંઓ નવરાત્રીના ભાતીગળ વસ્ત્રઓમા સજ્જ થઈને છોકરાઓ કેડીયુ, પાઘડી-ફુમતાવાળી ટોપી અને દેવી-દેવીઓની વેશભૂષા કરી નાની કન્યાઓ રંગબેરંગી ચણીયાચોળી પહેરી મમ્મી-પપ્પા સાથે ક્લાસ ટીચરો તથા વાલીમંડળના અગ્રણીઓએ શશીવન સ્ટેજ ઉપર માતાજીની સ્થાપના કરી સમુહ આરતી કરતાં વાતાવરણ અદ્‌ભુત બની ગયું હતું.

આરતી બાદ સૌને પ્રસાદનું વિતરણ કરી ભુલકાંઓના મમ્મી-પપ્પાએ તેમના બાલમંદિરમાં જતા વ્હાલસોયા બાળકોના ગરબાનો કાર્યક્રમ માણવા બેઠક વ્યવસ્થામાં ગોઠવાઈ ગયા હતા. એક પછી એક ગરબા ભુલકાંઓના સમુહમાં રમી કરી વાલીઓના દિલ જીતી લીધા હતા. ભુલકાંઓના ગરબા બાદ શિક્ષક ગાન વાલીઓએ સમુહ ગરબાની રમઝટ માણી હતી.

## ચોરીના ગુનામાં ચાર વર્ષથી નાસતો ફરતો પકડાયો

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર શહેર પોલીસમથકમાં વર્ષ-૨૦૦૯માં ચોરીના ગુનાનો ચાર વર્ષથી નાસતો ફરતો રાજસ્થાનના ઉદેપુર જીલ્લાના ખેરવાડા તાલુકાના ગુડા ગામનો આરોપીને સાબરકાંઠા જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે મંગળવારના રોજ બપોરના ત્રણ વાગ્યેના સુમારે હિંમતનગરમાંથી પકડી પાડ્યો હતો અને તેને હિંમતનગર પોલીસમથકે સોંપી દીધેલ હતો.

## સલાલ રોડ પરથી યુવતીનો મૃતદેહ મળ્યો

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના નેશનલ હાઈવે નંબર ૮ પર આવેલ સલાલ ગામ પાસેથી રોડની સાઈડે સોમવારની મોડી સાંજે ૬ વાગેના સુમારે ગામના લાલસિંહ પુંજસિંહ ચૌહાણે એક ૩૦ વર્ષીય યુવતીનો મૃતદેહ જોતા પ્રાંતિજ પોલીસમથકે જાણ કરી હતી. જેથી પોલીસે બિનવારસી મહિલાનો મૃતદેહ અંગે હાલ અકસ્માતે મોતનો ગુનો નોંધી પોલીસે ઓળખ વિધિ માટે વધુ તપાસ હાથ ધરી છે.

# હિંમતનગર-મહેસાણાના બોર્ડર પરથી રૂ. ૭૦ લાખ પકડાયા

(તસવીર : મગન વણઝારા, હિંમતનગર)



હિંમતનગર, તા. ૧૬

વિધાસભાની ચૂંટણીઓ જાહેર થતાની સાથે આચારસહિતાનો કડક અમલ થઈ રહયો છે. ચૂંટણી પંચ દ્વારા રૂ. ૨.૫૦ લાખથી વધુ રકમની હેરાફેરી ઉપર વોચ રાખવા માટે સ્ટેટીક સર્વેલન્સ ટીમો તૈનાયત કરવામાં આવી છે. એસ.એસ.ટી. ની ટીમે હિંમતનગર- મહેસાણાની બોર્ડર ઉપર આવેલા દેરોલ સાબરમતી બ્રીજ ઉપરથી મારૂતિવાનમાં હિંમતનગરથી વિજાપુર તરફ લઈ જવાતા રૂ. ૭૦ લાખ જપ્ત કરી તપાસ આથ ધરાંતા તે રકમ વિજાપુર અર્બન બેંકમાં લઈ જવાતી હોવાનું બહાર આવવા પામ્યું છે.

એસ.એસ.ટી. ટીમો ચૂંટણીમાં થતી બેનામી નાંણાની હેરાફેરી અટકાવવા તૈનાત બની જુદા-જુદા માર્ગો ઉપર વોચ ગોઠવી બાજ નજર રાખી રહી છે. તે દરમ્યાન હિંમતનગર મહેસાણા માર્ગ ઉપર દેરોલ ઓવર બ્રીજ ઉપરથી પસાર થઈ રહેલ એક મારૂતી વાનને અટકાવી તલાસી લેતાં તેમાંથી રૂ. ૭૦ લાખની માતબર રકમ મળી આવી હતી. મારૂતીના ચાલક અને સાથેના વ્યકિતીની પૂછપરછ કરતા તેઓ અર્બન બેંકના કર્મચારી હોવાનું જણાવ્યું હતું અને રૂ.૭૦ લાખ હિંમતનગરની અર્બન બેંકની બ્રાન્ચમાંથી વિજાપુર અર્બન બેંકમાં લઈ જવાતા હોવાનું જણાવ્યું હતું. એસ.એસ.ટી. ટીમે કેશ અંગે ઉડી તપાસ હાથ ધરી છે. નવાઈની વાત તો એ છે કે રૂ. ૭૦ લાખ જેટલી માતબર રકમ કોઈ પણ જાતની સુક્યુરીટી વગર માત્ર ચાલક અને બેંકનો સેવક લઈ જઈ રહ્યા હતા.

# પ્રદેશ ભાજપ દ્વારા બનાસકાંઠાની નવ વિધાનસભા બેઠક માટે નિરીક્ષકોની નિયુક્તિ

પાલનપુર, તા. ૧૬

બનાસકાંઠા જિલ્લાની નવ વિધાનસભા બેઠક માટે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોની રજુઆતો સાંભળવા માટે પ્રદેશ ભાજપ તરફથી બનાસકાંઠાના ત્રણ નિરીક્ષકશ્રીઓની નિયુક્તિ થયાનું આધારભુત સૂત્રો તરફથી જાણવા મળેલ છે.

આ ત્રણ નિરિક્ષકશ્રીઓમાં પ્રદેશ કારોબારીના સભ્ય શ્રી પૃથ્વીરાજ પટેલ - હિંમતનગર, શ્રી કાનાજી ઠાકોર - અમદાવાદ તેમજ શ્રીમતી હંસાકુંવરબા-આણંદની નિયુક્તિ કરવામાં આવી છે.

આગામી તા. ૧૮ થી ૨૪ની વચ્ચે જિલ્લાના મુખ્યમથક પાલનપુર ખાતે ઉપરોક્ત ત્રણેય નિરીક્ષકશ્રીઓ રજુઆતો સાંભળશે.

## નાકાબંધી દરમિયાન ચોરીનું બાઈક ઝડપાયું

મેઘરજ, તા. ૧૬

મેઘરજ તાલુકાના બાંઠીવાડા ત્રણ રસ્તા ઉપર પોલીસની નાકાબંધી ચાલુ હતી અને ચેકીંગ ચાલુ હતુ તે દરમિયાન એક ઈસમ ચોરીના બાઈક સાથે ઝડપાઈ ગયો હતો. એલ.સી.બી. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર ગઈકાલે મેઘરજ તાલુકાના બાંઠીવાડા ત્રણ રસ્તા ઉપર એલસીબીની ટીમ નાકાબંધીમાં હતી અને વાહનોનું ચેકીંગ ચાલી રહ્યુ હતુ તે દરમિયાન બાઈક નં. જીજે૧ઈબી-૫૪૮૪ લઈને આવી રહેલ લાલાભાઈ લક્ષ્મણભાઈ ડામોર (રહે. બાંઠીવાડા તા. મેઘરજ)ની પૂછપરછ કરતા શંકાસ્પદ વર્તન કર્યુ હતુ અને આ બાઈક ચોરી થવા અંગે અમદાવાદના નારણપુરા પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાયો હોવાનું ખૂલતા એલ.સી.બી.એ લાલાભાઈ બરંડાની અટકાયત કરીને નારણપુરા પોલીસને સોંપવા તજવીજ હાથ ધરી હતી.

# ચંડીસરમાંથી નકલી ઘી નો જથ્થો ઝડપાયો

ચડીસર,તા. ૧૬

બનાસકાંઠા જિલ્લામાં અનેક નામી-અનામી વેપારી પેઢીઓ દ્વારા અશુદ્ધ ઘી ના વેપાર દ્વારા મીની ફેક્ટરીઓમાં પ્રજા આરોગ્ય જોખમ રૂપ ઘી બાબતે કંપનીઓ સાથે રીટેલ તેમજ હોલસેલમાં વેચાણ કરાઈ રહેલ છે. જેમા પાલનપુર તેમજ ગાંધીનગર ફુડ વિભાગ દ્વારા મળેલ બાતમીના આધારે મળેલ પાલનપુર તાલુકાના ચંડીસર ગામે આવેલ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં એક બંધ ફેક્ટરીમાં દરોડો પાડી તપાસ હાથ ધરી હતી. નાના મોટા ટીનના ડબ્બાઓ તથા ઘી પેકીંગ કરવામાં વપરાતા મશીનો વિગેરેનો જથ્થો મળી આવ્યો હતો. જે આધારે ફુડ વિભાગે આ શંકાસ્પદ જથ્થો સંભવિત અશુદ્ધ ઘી બનાવવા વપરાશમાં લેવાતો હોવાની શંકાના આધારે આ મામલાની યોગ્ય તપાસ કરવા ગઢ પોલીસમથકે જાણવા જોગ અરજી આપતા અશુદ્ધ ઘી બનાવતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો.

જેની વિગતો જોઈએ તો ગાંધીનગર ફુડ વિભાગના સીનીયર ફુડ ઈન્સ્પેક્ટર એસ.એમ. રાવ તેમજ પાલનપુરના ફુડ એન્ડ સેફ્ટી ઈન્સ્પેક્ટર વિપુલભાઈ ચૌધરી સહીતના અધિકારીઓએ મળેલ બાતમી આધારે ચંડીસર જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલ એક ફેક્ટરી પર ગઈકાલ સાંજે દરોડો પાડ્યો હતો. આ દરોડા કાર્યવાહીમાં ફુડ વિભાગને ફેક્ટરીમાંથી ઘી બનાવવા વપરાશમાં આવતા વિવિધ મશીનો, પેકીંગમાં વપરાતુ મશીન, ઘીના તાવડા, તેમજ નાના મોટા ટીન મળી આવ્યા હતા. આ દરોડમાં ફેક્ટરીમાંથી શુધ્ધ ઘી, ગૌધારા ગાયનું શુદ્ધ ઘી, તેમજ ડેરી મીલ્ક શુદ્ધ ઘીનો માર્કો ધરાવતા નાના મોટા હજારો ટીનના ડબ્બાઓ પણ મળી આવ્યા હતા.

આ મામલે માહિતી આપતા સિનિયર ફુડ ઈન્સ્પેક્ટર એસ.એમ. રાવે જણાવ્યું હતું કે અગાઉ આ લેબલવાળા ઘીનું સેમ્પલ એફ.એસ.એલ.માં ફેઈલ થયેલ છે. તપાસ દરમ્યાન મળેલ ટીન રામપુરાની કુન્તેસ્વરી ડેરી અને જામ ખંભાળીયાની ડેરીનો માર્કો ધરાવે છે. જ્યારે બીજી તરફ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના આ ઓચિંતા દરોડાથી બનાસકાંઠા જિલ્લામાં ખાદ્યપદાર્થોમાં ભેળસેળ કરી માનવ જીવન સાથે ચેડા કરતા તત્વોમાં ભારે ફફડાટ ફેલાયો હતો.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)



પ્રાંતિજ તાલુકાના બોભા ગામે નવરાત્રી પર્વને લઈ નવરાત્રી આયોજકોએ મંદિર ઉપર ૧૦૦ મીટર સુધી વીજ પ્રવાહની મદદથી ઉડી શકે તેવું વિમાન મુક્યુ છે. જે હાલ સમગ્ર પંથકમાં આકર્ષણનું કેન્દ્ર છે.

# તલોદના અંતિમ ધામે રામધૂન યોજાઈ

## ભાવિકોએ ભજન-કીર્તનમાં ઝુમી ઉઠયા

તલોદ, તા. ૧૬

તલોદ શહેર તથા આસપાસના વિસ્તારના ભાવિક ભક્તો અને શ્રીકૃષ્ણ ભજન મંડળી દ્વારા ગતરોજ સોમવતી અમાસના દિવસે તલોદના અંતિમ ધામ ખાતે ભજન-કિર્તન અને રામધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું.

તલોદ અંતિમ ધામ મુકામે અનામી મૃતાત્માઓને શ્રદ્ધાંજલિ અર્પવા તેમજ સ્મશાન ભૂમિ અંગેની અંધશ્રદ્ધા અને ખોટા વહેમ દૂર કરવા તેમજ સ્મશાનભૂમિ એ પવિત્ર ભૂમિ છે તેવું સાર્થક કરવાના મુખ્ય ઉદ્દેશ સાથે સોમવતી અમાસે ૯ થી ૧૨ દરમિયાન શ્રી રાધાકૃષ્ણ ભજન મંડળ દ્વારા ભજન અને રામધૂનની રમઝટ બોલાવવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા અને સૂરના તાલે ઝૂમી ઉઠ્યા હતા.

# અંબોડ ગામે ચાવડા સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

માણસા, તા.૧૬

માણસા પાસેના અંબોડ ગામે ગત રોજ ચાવડા સમાજના સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માણસા તાલુકાના દરેક ગામમાં વસતા ચાવડા કુટુંબના અગ્રણીઓ અને યુવાનોએ હાજરી આપી હતી.

સમાજમાં શૈક્ષણિક અભિગમ કેળવાય તથા ચાવડા વંશની ડીરેકટરી અને આગામી દશેરાના દિવસે રાખવામાં આવેલ રાવણ દહનના કાર્યક્રમ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. દશેરાના દિવસે રાવણ દહન પછી રણનીતિ અને રાજનિતિ એ દિવસે આગળનો ભાવિ કાર્યક્રમનો રણટંકાર થાય તો કાંઈ નવાઈ નહીં માણસા તાલુકાના અંબોડ ગામના વતની અને ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ જીતેન્દ્રસિંહ ચાવડાએ રાજીનામાની ચિમકી ઉચ્ચારતા આ સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં યુવાનો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)



વિધાનસભાની ચૂંટણીને લઈ કોઈપણ પ્રકારના બિન હિસાબી નાણાની હેરફેર થતી અટકાવવા માટે આજે પ્રાંતિજની સ્ટેટીક સર્વેલન્સ ટીમે પ્રાંતિજ ટોલનાકા નજીક આવતા જતા તમામ વાહનોનું સઘન ચેકીંગ હાથ ધર્યુ હતું.


**ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.**

મધુર ડેરી, ઈલેક્ટ્રોનીક એસ્ટેટ, સેક્ટર-૨૫, 'ક' રોડ, ગાંધીનગર-૩૮૨૦૨૩
ફોન: ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ: ૨૩૨૮૭૧૪૦


**મધુર મીઠાઈના એડવાન્સ ઓર્ડર બાબત**

આથી ગાંધીનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારના સભાસદોને જણાવવાનું કે, આગામી દિવાળી નિમિત્તે મધુર ડેરી દ્વારા બનાવેલી શુદ્ધ ઘીની મધુર મીઠાઈઓના ઓછામાં ઓછા ૫ કિલોના બલ્કમાં એડવાન્સ ઓર્ડર, શરદ પૂનમ સુધી નોંધાવનારને વેચાણ કિંમતના ૧૦ ટકા કન્શેશન આપવામાં આવશે. તો એડવાન્સ મીઠાઈ નોંધાવવા વિનંતી. હાલના મીઠાઈના ચાલુ ભાવ યથાવત

મેનેજીંગ ડિરેક્ટરશ્રી



**અભિનંદન**



ડો. મહેન્દ્રસિંહ ચૌહાણ
સાંસદસભ્યશ્રી, સાબરકાંઠા

આપશ્રીએ દેશની ૧૫ મી લોકસભામાં વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન જે શ્રેષ્ઠ કામગીરી કરી છે એ માટે આપને ખુબ ખુબ અભિનંદન...

(૧) ૧૦૦ ટકા હાજરી સાથે દેશમાં પ્રથમ
(૨) પ્રાઈવેટ મેમ્બર બીલમાં દેશમાં દ્વિતીય
(૩) ડીબેટ્સ (ચર્ચા)માં ભાગીદારી દેશમાં છઠ્ઠા નંબરે
(૪) સ્પેશ્યલ મેન્શનની રજૂઆતમાં દેશમાં ૨૪મા નંબરે
(૫) પ્રશ્નોત્તરી (કવેન્સ) કાળમાં રજૂઆતમાં દેશમાં ૨૪મા નંબરે

ઉપરોક્ત સુંદર કામગીરી દ્વારા આપે સાબરકાંઠા જિલ્લા તથા ગુજરાત રાજ્યનું ગૌરવ વધાર્યું છે તે બદલ ખૂબ ખૂબ ધન્યવાદ

સાબરકાંઠા મેડીકલ એસોસિએશન, સાબરકાંઠા